વાપી ટાઉન વિસ્તારમાં તસ્કરોનો આતંક, પોલીસના નાઈટ પેટ્રોલિંગના ધજાગરા

80 મીનિટ : 4 તસ્કર : 2 ફ્લેટમાં ચોરી

લોક તોડી સોના-ચાંદીના ઘરેણાં અને રોકડ સહિત તસ્કરો 11.62 લાખ ચોરી ગયા

તસ્કરો મધ્યરાત્રિએ 2:10 વાગ્યે દિવાલ કૂદતા અને 3:30 વાગ્યે દિવાલ કૂદી બહાર નીકળતા નજરે પડ્યા

વાપી : દિવાળીના તહેવાર બાદ દેવઉઠી અગિયારસના દિવસે તસ્કરોએ વાપી ચલા દમણ રોડ પર આવેલા રોયલ ડ્રીમ્સ સોસાયટીમાં બે ફ્લેટમાંથી સોના-ચાંદીના ઘરેણાં અને રોકડા મળી કુલ રૂપિયા 11.62 લાખની ચોરી કરી ગયા હતા. જેમાં એક ફ્લેટના માલિક ગોવા વતન ગયા હતા, જ્યારે બીજા ફ્લેટના માલિક રાજસ્થાન ગયા હતા, ઘરમાં તેમની સાળી સૂતેલી હતી. સોસાયટીમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં 4 તસ્કર નજરે પડ્યા હતા. જેમાં તેઓ મધ્યરાત્રીના 2:10 વાગ્યે દિવાલ કૂદતા અને 3:30 વાગ્યે દિવાલ કૂદી બહાર નીકળતા નજરે પડ્યા હતા. તસ્કરોએ માત્ર 1 કલાક 20 મિનિટમાં જ બંને ફ્લેટમાંથી લાખોના સોના-ચાંદીના ઘરેણાં અને રોકડ ચોરી કરી ગયા હતા. આ બનાવ અંગેની ફરિયાદ ગોવાથી પરત ફરેલા ફ્લેટ માલિકે વાપી ટાઉન પોલીસ મથકમાં નોંધાવી હતી.

ગોવાના વતની અને ચલા દમણ રોડ સ્થિત રોયલ ડ્રીમ્સ સોસાયટીમાં રહેતા નવનાથ વામન ગાવસ (ઉં.51) દમણ રીંગણવાડા સ્થિત કંપનીમાં જનરલ મેનેજર તરીકે નોકરી કરે છે.

ગત તા.22-10-25 ના રોજ ફ્લેટ બંધ કરી પરિવાર સાથે વતન ગયા હતાં. ગત તા.2-11-25 ના રોજ નવનાથની પત્ની ઉપર પડોશી ઉપેન્દ્રસીંગની પત્નીનો ફોન આવેલો કે અમારા અને તમારા બંને ઘરે ચોરી થયેલી છે. જે બાદ પરિવાર ગોવાથી વાપી પરત આવતા ઘરના મુખ્ય દરવાજાનું લોક તોડી તસ્કરોએ બેડરૂમનો સામાન વેરવિખેર કરી કબાટમાં મૂકેલા સોના-ચાંદીના ઘરેણાં અને રોકડા 7 હજાર મળી કુલ રૂપિયા 4,02,650ની ચોરી થઈ ગઈ હતી.

જ્યારે મિત્ર ઉપેન્દ્રસીંગ રામસીંગ યાદવ પરિવાર સાથે રાજસ્થાન ગયા હતા અને ઘરમાં તેની સાળી રાની યાદવ સૂતેલી હતી. તેઓ જાગ્યા ત્યારે ચોરી થયાનું માલુમ પડ્યું હતું. તેઓના ઘરના દરવાજાનું લોક પણ તૂટેલું હતું. ઘરના પૂજાવાળા રૂમમાં રાખેલા કબાટમાંથી સોના-ચાંદીના ઘરેણાં, ઘડિયાળ તથા રોકડા 45 હજાર મળી કુલ રૂપિયા 7,60,200ની ચોરી થઈ ગઈ હતી.

સોસાયટીમાં લગાવેલા સીસીટીવી કેમેરા તપાસ કરતા 4 શખ્સ મધ્યરાત્રિએ 2:10 વાગ્યાની આસપાસ સોસાયટીની દિવાલ કૂદીને પ્રવેશ કરતા અને પરત 3:30 વાગ્યે દિવાલ કૂદી બહાર નીકળતા નજરે પડ્યા હતા. જે તે સમયે ચોરીની ઘટના સામે આવી, ત્યારે વાપી ટાઉન સહિત પોલીસે પહોંચી તપાસ હાથ ધરી હતી. આ બનાવ અંગેની ફરિયાદ ગોવાથી પરત ફરેલા નવનાથ વામન ગાવસે વાપી ટાઉન પોલીસ મથકમાં કરી હતી.

બે ફ્લેટમાંથી શું-શું ચોરાયું

નવનાથના ઘરમાંથી ચાંદીના દાગીના, ચાંદીનું કળશ, પૂજાથાળી, દીવા, ઘંટી, ચમચી સહિતના ઘરેણા અને સોનાની બિસ્કીટ તથા રોકડા 7 હજાર મળી કુલ રૂપિયા 4,02,650 જ્યારે ઉપેન્દ્રસીંગ યાદવના ઘરમાંથી સોનાના ઘરેણાં, ડાયમંડ રીંગ, સોનાના સિક્કા, હાથના કડા, નથણી, ચાંદીના દાગીના તથા રોકડા 45 હજાર મળી કુલ રૂપિયા 7,60,200 મળી કુલ રૂપિયા 11,62,850ની ચોરી તસ્કરો કરી ગયા હતા.

ઓરવાડના ઘરમાં ચોરી કરીને ભાગવાની ફિરાકમાં ઈસમ ઝડપાયો

પારડી : પારડીના ઓરવાડ ઝંડાચોક ક્રિષ્નાધામ એપાર્ટમેન્ટમાં રહેતા હરેશ માહ્યાવંશી બજારમાં જવા નીકળ્યા હતા. જે બાદ તેમની પત્નીને હોલમા કંઈક ચહલ પહલનો અવાજ આવતા એક ઈસમ ઘરના હોલમાં ફરતો દેખાયો હતો. તે હોલમાં મુકેલા લેપટોપ તથા ટેબલેટ ઉંચકી મેઈન દરવાજા વાટે બહાર ભાગવાની ફિરાકમાં હતો. જેથી ચોર ચોરની બુમો પાડતા પુત્ર -પુત્રી જાગી ગયા અને તે ઈસમ જીવા મુણીઅપ્પા (રહે. તમિલનાડુ)ને પકડી પાડ્યો હતો. ત્યારે ઈસમે ગુંગો બહેરો હોવાનું નાટક કરવા લાગ્યો હતો. બનાવ બાબતે પોલીસને ફોન કરતા પોલીસે સ્થળ પર દોડી આવી ઈસમની પુછપરછ કરતા ઘરમાં ચોરી કરવાના ઈરાદે આવેલો હોવાનું જણાવેલું હતુ.

સંક્ષિપ્ત સમાચાર

સંતોના જ્યાં પગલાં થાય છે ત્યાં વસંતઋતુ મહોરી ઊઠે છે : પદ્મદર્શનવિજયજી

સુરત : બીલીમોરાના શ્રી ગૌહરબાગ જૈન સંઘમાં પૂ. પદ્મદર્શનવિજયજી મહારાજે "વાળુ પછીની વાતો" થકી મનની વાતો ધર્મસભા સમક્ષ જણાવતા કહ્યું કે સંતોના જ્યાં પગલાં થાય છે ત્યાં વસંતઋતુ મહોરી ઊઠે છે. પ્રેમ, પ્રસન્નતા, પ્રજ્ઞા અને પરિણતિ દ્વારા જીવન ઇન્ડેક્ષની જેમ ઊંચે જાય છે. પ્રેમ એ આ જગતનો શ્રેષ્ઠ પદાર્થ છે. જેમ શ્વાસ વિના જીવન શક્ય નથી તેમ પરસ્પરના પ્રેમ વિનાનું જીવન શક્ય જ નથી. પ્રેમનું 'શેરીંગ' કરવાની જરૂર છે. પ્રસન્નતા માટે પદાર્થ કે પૈસાની જરૂર નથી પણ પ્રેમની જરૂર છે. પ્રભુ મહાવીર સાડાબાર વર્ષ સુધી પ્રતિકૂળતાનાં વાવાઝોડા વચ્ચે પણ અત્યન્ત પ્રસન્ન હતા. કારણકે શત્રુઓ પ્રત્યે પણ હૈયાનો છલોછલ પ્રેમ ઉભરાતો હતો. રાવણ પ્રત્યે પ્રભુ રામને હૈયામાં પ્રેમ હતો માટે લક્ષ્મણ પાસે રાવણની પ્રશંસા કરીને રાવણ પાસે હિતશિક્ષા લેવા માટે લક્ષ્મણજીને મોકલ્યા હતા. જો તમે પ્રસન્ન હશો તો તમારી પ્રજ્ઞા પુરબહારમાં ખીલી ઉઠશે. પ્રજ્ઞાની નિર્મળતા ભીતરી પરિણતિ ટોચ કક્ષાએ પહોંચે છે. રાગ-દ્વેષ અને વિષય-કષાયનું વાવાઝોડું પરિણતિની પવિત્રતાનાં કારણે શાંત થઈને રહે છે.

બીલીમોરા કોળી પટેલ સમાજ દ્વારા ૨૯મા પારિતોષિક પ્રદાન સમારોહ યોજાયો

બીલીમોરા: બીલીમોરા વિભાગ કોળી પટેલ સમાજ દ્વારા રવિવાર સવારે સમાજવાડીમાં ૨૯'મો પારિતોષિક સમારંભ યોજાયો હતો. જેમાં વર્ષ ૨૦૨૫ માં વિવિધ અભ્યાસક્રમોમાં શ્રેષ્ઠ દેખાવ કરનારા ૭૫ તેજસ્વી તારલાઓ અને ૧૧ વિશિષ્ટ સિદ્ધિ વીરોનું શાલ અને પ્રમાણપત્રથી સન્માન કરાયું હતું. બીલીમોરા સોમનાથ રોડ સ્થિત સમાજ ભવન હોલમાં રવિવારે પ્રમુખ રમણભાઈ પટેલે સૌને આવકાર્યા હતા. સમારોહના પ્રમુખ શિક્ષણવિદ ડો.જય વશીએ વિદ્યાર્થીઓની મહેનત માતાના ઉજાગરા અને પિતાના પરસેવાનું સંયુક્ત સન્માન ગણાવ્યું હતું. સમારંભનાં અધ્યક્ષ અને ગુજરાત રાજ્ય સામાન્ય વહીવટ વિભાગના ઉપસચિવ દીપાલી પટેલે વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ પ્રસંગે મિતલ પટેલ, ટ્રસ્ટી દિવ્યેશ પટેલ, નાનુભાઈ પટેલ, ડો. પ્રશાંત પટેલ, હીનાબેન પટેલ, રણછોડભાઈ પટેલ, શૈલેષ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. નવસારી જિલ્લા પ્રા. શિક્ષણ પ્રમુખ અજુવેન્દ્ર પટેલે પોતાના સન્માનનો પ્રતિભાવ આપતા કોળી પટેલ સમાજ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

ગણદેવીમાં ભરવાડ સમાજ આયોજિત તુલસી વિવાહ સંપન્ન

બીલીમોરા: ગણદેવી ભરવાડ સમાજ દ્વારા ગણદેવીમાં દેવઉઠી એકાદશીએ તુલસી વિવાહનું આયોજન કરાયું હતું. રવિવારે સવારે હલ્દી, ઘાણ મુહૂર્ત, ગ્રહ સાંતક જેવા માંગલિક પ્રસંગો મંડાયા હતા. જૂના સિનેમા રોડ ખાતે રહેતા ભરતભાઈ સટીયા (ભરવાડ) પરીવારના ઇષ્ટદેવી તુલસીમાતાનો શાસ્ત્રોક્ત વિધિથી લગ્ન પ્રસંગ મંડાયો હતો. જેમાં સાંજે ચીખલી, આલીપુર ગામના સાજનભાઈ સામતભાઈ પરમાર સહિત ભરવાડ સમાજના પરીવાર ઇષ્ટદેવ શ્રીકૃષ્ણ ભગવાન ઠાકોરજીની જાન લઈ આવ્યા હતા. વિશાળ શામિયાણામાં સેંકડો ભક્તો માંગલિક પ્રસંગોના સાક્ષી બન્યા હતા. આ માંગલિક પ્રસંગે લગ્નગીત, ગીત- સંગીત, ફટાકડાની આતશબાજી, મ્યુઝિક સિસ્ટમના સથવારે જાનૈયા માંડવીયા મન મૂકીને ઝૂમ્યા હતા. ગણદેવી અને ચીખલી તાલુકાના સમસ્ત ભરવાડ સમાજ, ગ્રામજનો, મહેમાનો એ પરંપરાગત વૃંદા (તુલસી) અને (શાલિગ્રામ) ઠાકોરજીના લગ્નના દર્શનાર્થે આવતા ભક્તોની સેવામાં સોડાહીરા, દેસુર તોગા, દેવાભાઈ, વાલા ભોજા, બાલાકાના, ગોકુળ પોપટ, ભૂપત ભગત, નીતિન જેસા, વીરાપોપટ, કનુ રામા ચીખલી સહિત અનેક યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

ઉન બ્રિજ નજીક વાહનની અડફટે એકનું મોત

નવસારી : અમદાવાદથી મુંબઈ જતા હાઈવે પર નવસારી નજીક ઉન પાસેના બ્રિજ નજીક એક અજાણ્યા વાહનચાલકે બાઈકને અડફટે લેતાં ચાલક મુંબઈના નાલાસોપારા ખાતે રહેતા લાલબહાદુર ગોસ્વામીને ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે મોત થયું હતું, જ્યારે રેણુબેનને માથામાં સામાન્ય ઈજા થતાં તેનો ઉગારો થયો હતો. જો કે વાહન ચાલક ઘટના સ્થળેથી નાસી છુટ્યો હતો. નવસારી રૂરલ પોલીસ મથકના પોસઈ એમ.સૈયદ તપાસ કરી રહ્યા છે.

'માવઠાથી ખેતીને થયેલા નુકસાનનું વળતર આપો'

ઉમરગામ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું

ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા રેલી કાઢી સરકારને સંબોધીને આવેદનપત્ર મામલેતદારને આપવામાં આવ્યુ હતુ. જેમાં કમોસમી વરસાદના કારણે ખેતી પાકને થયેલા નુકસાનનો સરવે કરી રાહત પેકેજની માંગ કરવામાં આવી હતી.

વલસાડ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશન પટેલ તથા ઉમરગામ તાલુકા કોંગ્રેસ પ્રમુખ પ્રવેશ પટેલની આગેવાનીમાં કાર્યકર્તાઓ દ્વારા અકરા મારુતિથી મામલતદાર કચેરી સુધી રેલી કાઢી આપવામાં આવેલા આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું હતું તે કમોસમી વરસાદના કારણે મગફળી, ડાંગર, કપાસ સહિતના પાકોને નુકસાન થયું છે. સાત સિઝનમાં વાવાઝોડા, અતિવૃષ્ટિ, કમોસમી વરસાદનો ભોગ બનેલા ખેડૂતોને રાહત પેકેજના માત્ર જાહેરાત કરી સરકાર સંતોષ માની લે છે. જ્યારે વાસ્તવમાં ખેડૂતોને કરેલી જાહેરાતના 30 થી 35 ટકા રકમ પણ ચૂકવવામાં આવતી નથી. હાલમાં ખેડૂતો લીધેલા પાક ધિરાણ પણ ભરી શકે તેવી સ્થિતિમાં નથી.સરકારે યુપીએ સરકારે ખેડૂતોના 78000 કરોડના દેવા માફ કર્યા હતા. તેવી જ રીતે ગુજરાતના ખેડૂતોના દેવા સંપૂર્ણપણે માફ કરવાની માંગ કરી છે.

નવસારીના બંધ ઘરમાંથી રોકડ સહિત વાસણોની ચોરી કરનાર ઝડપાયો

નવસારી : નવસારીની ગાર્ડા કોલેજ પાસે એનઆરઆઈ અંજનાબેન ટેલરના બંધ ઘરમાંથી રોકડ રકમ રૂપિયા 4 હજાર તેમજ 36 હજારના તાંબા પિત્તળના વાસણો મળી કુલ રૂપિયા 40,000 ના મુદ્દામાલ ચોરી કરી અજાણ્યો તસ્કર ચોરી કરી નાસી છૂટ્યો હતો. બંધ ઘરની દેખભાળ કરતાં વલસાડ ખાતે રહેતા તેમના જમાઈ સંજયભાઈએ નવસારી ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવતા નવસારી ટાઉન પોલીસની ટીમે તપાસ હાથ ધરી નવસારીના તીઘરા વસાહત ખાતે રહેતા વિજય ઉર્ફે ટીનીયાને ઝડપી તેની વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

તાંત્રિક વિધિથી રૂપિયા ખંખેરનાર ઠગ ઝડપાયો

પાણીમાં શેમ્પુ, ગુલાબજળ, સાબુ પાવડર નાખી કાગળમાંથી અસલી રૂપિયા કાઢી રૂપિયા 2.15 લાખનો ચૂનો ચોપડ્યો હતો

પારડી : પારડી તાલુકાના પરીયા ગામે તાંત્રિક વિધિની આડમાં રૂપિયા પાંચ કરોડ બનાવી આપવાની લાલચ આપી પ્રિતેશ કિષ્નુ પટેલ પાસેથી રૂપિયા 2.15 લાખ પડાવી લઇ ઠગાઈ કરી હતી. જે કેસમાં પારડી પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી પાડ્યો છે. પરીયા બરવાડી ફળીયાના પ્રિતેશ પટેલને ઓળખીતા દિવ્યેશ મારફતે અનવર નામના વ્યક્તિએ તાંત્રિક વિધિથી રૂપિયા બનાવવાની લાલચ આપી હતી. અનવરે ધીરે ધીરે પ્રિતેશને લાલચ આપી ગુગલ-પે મારફતે રૂપિયા 25 હજાર, 75 હજાર, રૂપિયા 1 લાખની માંગણી કરી, અમદાવાદમાં કોથળીમાં રૂપિયા 500ની નોટોના બંડલો બતાવી રૂપિયા 65 હજાર વધારાના લઈ કુલ રૂપિયા 2.15 લાખની છેતરપિંડી કરી હતી. આ અંગે પ્રિતેશે ફરિયાદ કરતા પારડી પોલીસે તપાસ આદરી ગણતરીના કલાકોમાં આરોપીની ધરપકડ કરી હતી. ઠગાઈ કરનાર અનવર ઉર્ફે બાપુ અબુભાઈ સુલેમાન ઠેબા (રહે. મોરબી)ને કાર સાથે પોલીસે ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

પારડીમાં નુકસાન, કોંગ્રેસનું મામલતદારને આવેદનપત્ર

જનઆક્રોશ યાત્રા કાઢી પાણી-ખાતર સહિતનું યોગ્ય વળતર ખેડૂતોને આપવાની રજૂઆત

અમૃત પટેલ

પારડી : પારડી તાલુકા સહિત વલસાડ જિલ્લામાં કમોસમી વરસાદને કારણે ડાંગરનો પાક સડી જતા ખેડૂતોને નુકસાની થવા પામી છે. ત્યારે પારડી તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા પારડી મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. પારડી તાલુકા કોંગ્રેસ પ્રમુખ સતીશ પટેલે જણાવ્યું હતું કે કમોસમી વરસાદથી ખેડૂતોના પાકને નુકસાન થયું છે. ત્યારે સરકાર વળતર આપે, પાક ધિરાણ માફ કરવા માંગ કરી હતી. ખેડૂતોના ડાંગરના પાકને 100% નુકસાન થયું છે. કોંગ્રેસ સમિતિ દ્વારા સેટેલાઇટ સરવે સામે આક્રોશ વ્યક્ત કરી મામલતદાર કચેરીએ આવેદનપત્ર આપ્યું હતું. જે ખેડૂત ડાંગરના પાકથી આખું વર્ષ પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે, પારડી મામલતદાર કિરણસિંહ રાણાને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી. આ યાત્રામાં પારડી તાલુકા કોંગ્રેસના સોમા પટેલ, જે.કે.પટેલ, મુકેશ પટેલ, જીતેશ હળપતિ, કપિલ હળપતિ, વિજય પટેલ, રમેશ પટેલ, ઠાકોર પટેલ, અશ્વિન પટેલ તેમજ તાલુકા કોંગ્રેસ સમિતિના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

વાપીમાં ટ્રાફિક, સિગ્નલ લાઈટ સહિતના પ્રશ્નોની રજૂઆત

વાપીમાં યોજાયેલા લોકસંવાદ કાર્યક્રમમાં વિવિધ પ્રશ્નોની ચર્ચા થઈ

વાપી : સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહની અધ્યક્ષતામાં વિભાગીય પોલીસ અધિકારીની કચેરી વાપી વિભાગની દ્વિ-વાર્ષિક તપાસણી અંતર્ગત વલસાડ એસપી યુવરાજસિંહ જાડેજા તથા ડીવાયએસપી બી.એન.દવેની હાજરીમાં વાપી ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના કોન્ફરન્સ હોલમાં લોકસંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વાપી, ડુંગરા, ભીલાડ, ઉમરગામ, કપરાડા તાલુકાના ઉદ્યોગપતિઓ, ઈન્ડસ્ટ્રીયલ એસો.ના સભ્યો, બિલ્ડર્સ એસો. ના સભ્યો તથા ટ્રાન્સપોર્ટ એસો. ના સભ્યો સહિત રાજકીય આગેવાનો, અગ્રણી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

લોક સંવાદમાં ટ્રાફિકની સમસ્યા, બંધ પડેલી સિગ્નલ લાઈટો ચાલુ કરવા, સાયબર ક્રાઈમ પર અંકુશ લાવવા, સરીગામ જીઆઈડીસી વિસ્તારમાં પોલીસ મહેકમ વધારવા સહિતના પ્રશ્નો અંગેની રજૂઆત કરવામાં આવી હતી.

લોકસંવાદમાં સતિષ પટેલ, યોગેશ કાબરીયા, હેમંત પટેલ, મિતેષ દેસાઈ, મિલન દેસાઈ, મનિષ દેસાઈ, એ.કે. શાહ, એલ.એન. ગર્ગ, મુકેશ ઠાકુર, હિતેશ ફળદુ, કમલેશ પટેલ, રમેશ કોટડીયા અને શિરીષ દેસાઈ સહિત હાજર રહ્યા હતા.

વલસાડમાં મારામારીના કેસમાં બંને પક્ષકારોને કેદ

આરોપીને 6 માસની કેદની સજા જ્યારે સામા પક્ષકારને પણ 3 વર્ષની કેદની સજા થઇ

વલસાડ : વલસાડના કોસંબા ગામે થયેલી મારામારીમાં માથામાં માર મારી લોહી લુહાણ કરનાર વિરૂદ્ધ વલસાડની સેસન્સ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. આ કેસની સૂનાવણી દરમિયાન એજીપી ભરત પ્રજાપતિની દલીલોને ગ્રાહ્ય રાખી જજ નીપા રાવલે આ કેસમાં આરોપીને 6 માસની કેદની સજા ફટકારતો હુકમ કર્યો હતો. જ્યારે સામા પક્ષકારને પણ 3 વર્ષની કેદની સજા થઇ હતી.

વલસાડમાં જૂની અદાવતમાં ઉમેશ મોહન ટંડેલ અને લાલબહાદુર દુબે વચ્ચે મારામારી થઇ હતી. લાલબહાદુરે આ મારામારીમાં ઉમેશને માથામાં મારી ગંભીર રીતે ઘાયલ કર્યો હતો. બીજી તરફ ઉમેશ અને તેના સાથી સુરજ શિવબહાદુર ઠાકુર અને હેમા શિવબહાદુર ઠાકુરે પણ તલવાર મારી લાલબહાદુરને ગંભીર રીતે ઘાયલ કર્યો હતો. આ સંદર્ભે ઉમેશે પોલીસ ફરિયાદ કરતાં પોલીસે લાલબહાદુર દુબેની ધરપકડ કરી હતી. બીજી તરફ લાલબહાદુર દુબે એ પણ ઉમેશ ટંડેલ, સુરજ ઠાકુર અને શિવબહાદુર ઠાકુર વિરૂદ્ધ ફરિયાદ કરતાં પોલીસે ઉમેશ, સુરજ અને શિવબહાદુરની પણ ધરપકડ કરી હતી. આ બંને કેસ વલસાડની સેસન્સ કોર્ટમાં ચાલ્યા હતા. જેમાં લાલબહાદુરને 6 માસની સજા અને રૂપિયા 11 હજારનો દંડ જ્યારે સામા પક્ષે સરકારી વકીલ નવીન પ્રજાપતિની દલીલ ગ્રાહ્ય રાખી જજે ઉમેશ, સુરજ અને શિવબહાદુરને 3 વર્ષની કેદ અને રૂપિયા 27 હજારના દંડનો હુકમ કરતો ચૂકાદો આપ્યો હતો.

સોળસુંબાની બેંક ઓફ બરોડામાં આગ ભભૂકી

આસીફ રાણા

ઉમરગામ : ઉમરગામના સોળસુંબા બેંક ઓફ બરોડામાં આગનો બનાવ બન્યો હતો. દોડી આવેલા ફાયર ફાઇટરની ટીમે ગણતરીના સમયમાં આગ ઉપર કાબુ મેળવતા મોટું નુકસાન થતા અટક્યું હતુ.

પ્રાપ્ત સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ ઉમરગામ તાલુકાની સોળસુંબાની બેંક ઓફ બરોડા શાખામાં મંગળવારે સવારે ચારેક વાગ્યાના સુમારે આગ લાગવાનો બનાવ બન્યો હતો. કહેવાય છે કે કોઈક કારણસર અથવા તો એસીમાં શોટસર્કીટ થતાં આગ લાગી હતી. આની જાણ ઉમરગામ પોલીસ અને ફાયર વિભાગની ટીમને થતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. આગમાં એસી અને ફર્નિચરને નુકસાન થયું હતું.

ફાયર ફાઈટરની ટીમે ગણતરીના સમયમાં જ પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. જેના કારણે ખોટું નુકસાન થતાં અટક્યું હતું. આગ લાગવાનું કોઈ ચોક્કસ કારણ જાણી શકાયું નથી.

યુવતીની હત્યા કરી લાશ વિલસન હિલ પર સંતાડી દેવાઈ

પોણા બે વર્ષ પહેલા ગુમ થયેલી ડાંગની યુવતીને શોધવા પોલીસે ટીમ બનાવી તપાસ કરતા યુવતીની હત્યા થયાનું જણાયું

વાંસદાથી પ્રેમી-પંખીડા વિલ્સન હિલ ફરવા ગયા પણ ત્યા ઝઘડો થતાં યુવાને ગળુ દબાવી હત્યા કર્યાનું સ્વીકાર્યુ

સાપુતારા : પોણા બે વર્ષ પહેલા ગુમ થયેલી ડાંગની યુવતીને શોધવા પોલીસે ટીમ બનાવી તપાસ કરતા યુવતીની હત્યા વિલસન હિલ ખાતે થઈ હતી અને તેની લાશ ધરમપુર પોલીસને મળી આવી હતી. ઈન્વેસ્ટીગેશન ટીમ દ્વારા તપાસ હાથ ધરતા હત્યા કરનાર યુવક ડાંગનો જ નીકળતા યુવાનની ધરપકડ કરી ધરમપુર પોલીસને હવાલે કરાયો હતો.

ડાંગ જિલ્લાના વઘઇના દરાપાડાની ભાવિશા બુધાભાઈ ભોયે (ઉ.વ.૨૮) તા.૧૩/૦૨/૨૦૨૩ થી ગુમ થયેલી હતી. જેને શોધવા છતાં નહીં મળતા તેના ભાઈ ગણેશ ભોયેએ સાપુતારા પોલીસમાં ફરિયાદ નોંધાવેલી હતી. ત્યાર બાદ પોલીસ તપાસ દરમ્યાન પણ ભાવિશા મળી ન હતી. જેમાં ડાંગ જિલ્લા પોલીસ વડા પૂજા યાદવે કેસની ગભીંરતા લઇ પી.આઈ. આર.એસ.પટેલ, પીએસઆઈ કે.જે.નિરંજન તથા સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરવામાં આવી હતી.

પોલીસ ટીમ દ્વારા તાપી, વલસાડ, નવસારી, સુરતમાંથી વણઓળખાયેલી ૭૦ ડેડ બોડીનું લિસ્ટ તથા ફોટા મંગાવી ભાવિશા ભોયે સાથે સરખામણી કરતા વણઓળખાયેલી ડેડ બોડી વિલ્સન હિલથી મળી આવેલી હતી. જે ડેડ બોડીનું પી.એમ. કરતા ગળુ દબાવીને મર્ડર થયેલાના રિપોર્ટની આધારે હકિકત જાણવા મળી હતી.

ભાવિશાના કપડા, સેન્ડલના ફોટા, ડેડ બોડી ભાવિશાના મમ્મી મણીબેન સહિતનાને બતાવતા ભાવિશાના મમ્મીએ ઓળખી બતાવ્યા હતા. પોલીસને ટેક્નિકલ સોર્સથી જાણવા મળ્યુ હતુ કે, દિનેશ મોતીરામભાઈ દેશમુખ (રહે. ધોડવહળ તા.વઘઇ જિ.ડાંગ) ની હાજરી પણ મર્ડરવાળી જગ્યાએ હતી.

જેથી તેને સાપુતારા પોલીસ મથકે પુછપરછ માટે બોલાવતા પોલીસ ઈન્ટ્રોગેશન દરમ્યાન દિનેશ દેશમુખે જણાવ્યુ હતું કે વાંસદાથી ભાવિશા સાથે સ્કુટી પર બેસી ધરમપુર વિલ્સન હિલ ફરવા ગયા હતા, ત્યાંથી ઝાડી-જંગલમાં બેસી વાતચીત કરતા હતા ત્યારે બંને વચ્ચે ઝઘડો થતાં દિનેશે ભાવિશાના ડ્રેસનો દુપટ્ટો ખેંચી દુપટ્ટા વડે ભાવિશાનું ગળુ દબાવી મર્ડર કર્યું હતુ. દિનેશે હત્યાની કબુલાત કરતા પોલીસે ગુનો ડિટેક્ટ કરી આગળની વધુ તપાસ માટે ધરમપુર પોલીસને સોંપી દીધો હતો.